રેગ્યુલર દિવાની મુકદમા ક્રમાક: ૨૬/૨૦૧૫

આંક ૧૬૪ ની અરજી લગત હુકમ

(૧) અરજી તેમજ જવાબ તેમજ રજુઆત ધ્યાને લીધી. પ્રતિવાદીપક્ષે હાલની અરજી રજુ રાખી નિ ૧૧૪/૨૧ તેમજ નિ ૧૧૪/૨૫ વાળા દસ્તાવેજને વાદીની ઉલટતપાસ અનુસંધાને આંક આપવા રજુઆત કરેલ છે. હાલમાં વાદીનો પુરાવો નોંધવાના તબ્બકે દાવાની કાર્યવાહી ચાલી રહેલ છે.

તેમજ હાલની અરજી અનુસંધાને નામદાર ગુજરાત વડી અદાલતના AIR 1999 GUJARAT 148 ઉપર પ્રસિધ્ધ Ahmedabada New Textile Mills, Ahmedabad v. Rajubhai Dalachandbhai ના ચુકાદા ઉપર આધાર આખેલ છે.

સદર ચુકાદામાં નામદાર વડી અદાલતે નોંધેલ છે કે, ફકત ઉલટતપાસમાં દર્શવવા માત્રથી દસ્તાવેજ સાહેદ દ્ધારા કબુલ કરેલ ગણી શકાય નહી. તેમજ સાહેદ જો દસ્તાવેજમાં પોતાના હસ્તાક્ષર કબુલ કરે તો તે નકલ હોવાની તકરાર લઈ શકાય અને અદાલતે આખરી તબ્બકે નક્કી કરવાનું રહે છે.

(૨) ઉકત કાયદાકીય પરિસ્થિતી અને રજુઆતને ધ્યાને રાખી હાલના કામે વાદીની ઉલટતપાસ ધ્યાને લેવામાં આવે તો વાદીએ નિ ૧૧૪/૨૧ તેમજ ૧૧૪/૨૫ વાળા દસ્તાવેજ જે સ્વરૂપે રજુ થયેલ છે તે સ્વરૂપમાં વાદી પાસે ના હોવાનું જણાવેલ છે. વધુમાં નિ ૧૧૪/૨૧ વાળો દસ્તાવેજ સાટાખતનો ડ્રાફટ હોવાનું તેમજ  નિ ૧૧૪/૨૫ વાદીના માનવા મુજબ બનાવટી છે.

(૩) આમ, ઉલટતપાસ ધ્યાને લેતા નિ ૧૧૪/૨૧ તેમજ ૧૧૪/૨૫ વાળા દસ્તાવેજના પ્રકારના અથવા તે સ્વરૂપના દસ્તાવેજ હોઈ શકે પરંતુ તે વાદી પાસે રહેલ સાટાખતની જ નકલ હોવાનું આ તબ્બકે વાદીની ઉલટતપાસ ઉપરથી પુરવાર થવા પામતુ નથી.

(૪) આમ, નિ ૧૧૪/૨૧ તેમજ નિ ૧૧૪/૨૫ વાળા દસ્તાવેજ જ વાદી પાસે રહેલ અસલ દસ્તાવેજની જ નકલ હોવાનું પ્રતિવાદીપક્ષે પોતાના સ્વતંત્ર પુરાવાથી કે અન્ય કોઈ રીતે પુરવાર કરવામાં ના આવે ત્યાં સુધી સદરહું બંને દસ્તાવેજને આ તબ્બકે આંક આપવાનો હુકમ કરી શકાય નહી.

આમ, હાલના તબ્બકે ફકત વાદીની ઉલટતપાસમાં કોઈપણ પ્રકારની સપષ્ટ

કબુલાત આવેલ ના હોય તે અનુસંધાને સદરહું બંને દસ્તાવેજને આંક આપવા હુકમ કરી શકાય તેમ જણાતુ નથી.

આથી, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

:હુકમ:

(૧) નિ ૧૧૪/૨૧ તેમજ નિ ૧૧૪/૨૫ ને આંક પાડવાની અરજી આ તબ્બકે નામંજુર કરવામાં આવે છે.

તા.૧૫.૦૭.૨૦૨૨
સ્થળ: પલસાણા

હાર્દિક સાગરભાઈ દેસાઈ,
અધિક સીવીલ જજ, પલસાણા
જજ કોડ જીજે ૦૧૫૨૬